# અભ્યાસ

પાઠ- ૨૪ - કિરણનું નિમંત્રણ

## સ્વાધ્યાય

**મૌખિક**

**પ્ર.૧ ઓમના કોણ છે ?**

જ.૧ ઓમના ભારતના દક્ષિણમાં સ્થિત કેરલ નામના સુંદર પ્રદેશમાં રહેનાર એક બાળકી છે.

**પ્ર.૨ કેરલની ભાષાનું નામ શું છે ?**

જ.૨ કેરલની ભાષાનું નામ મલયાલમ છે.

**પ્ર.૩ ઓનમ ક્યારે ઉજવવામાં આવે છે ?**

જ.૩ ઓણમ ઓગષ્ટના અંતિમ સપ્તાહ અથવા સપ્ટેમ્બરના આરંભમાં ઉજવવામાં આવે છે.

**પ્ર.૪ મલયાલી હસ્તશિલ્પ શા માટે અનોખું છે ?**

જ.૪ મલયાલી હસ્તશિલ્પમાં શણ અને નાળિયેરના રેસાઓથી સુંદર ચટ્ટાઈઓ અને ટોકરીઓ બનાવાવમાં આવે છે. તેના કારણે આ હસ્તશિલ્પ અનોખું છે.

**લિખિત**

**૧. પ્ર.૧ કેરલની ધરતી કેવી છે ?**

જ.૧ કેરલની ધરતી નદી, નહેરો અને ઝરણાંઓની ધરતી છે. ત્યાં ચોતરફ હરિયાળી છે.

**પ્ર.૨ લગૂન કોને કહેવાય છે ?**

જ.૨ લગૂન તાજા પાણીનું નાનકડું ક્ષેત્ર હોય છે જે મેદાનના કિનારોને સ્પર્શીને વહે છે.

**પ્ર.૩ કેરલના લોકો હંમેશા પોતાની સાથે છત્રી શા માટે રાખે છે ?**

જ.૩ કેરલનો જળવાયુ ગરમ અને આદ્ર છે. અહીં લગભગ આખું વર્ષ વરસાદ થાય છે. તેથી લોકો હંમેશાં પોતાની સાથે છત્રી રાખે છે.

**પ્ર.૪ આ પ્રદેશમાં કયા-કયા મસાલાઓનું ઉત્પાદન થાય છે ?**

જ.૪ આ પ્રદેશમાં કાળાં મરી, લવિંગ, એલચી, તજ, જાયફળ અને જાવંત્રીનું ખૂબ ઉત્પાદન થાય છે.

**પ્ર.૫ ઓમનાને કઈ વાત પર ગર્વ છે ?**

જ.૫ ઓમનાને શિક્ષણના ક્ષેત્રમાં પોતાનો પ્રદેશ આગળ હોવાનો ગર્વ છે. મલયાલી વિદ્યાને મુખ્ય ઘરેણું માને છે.

**પ્ર.૬ કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરીને વાક્યો પૂર્ણ કરો.**

૧. કેરલવાસીઓનું પ્રિય ભોજન ···ચોખા અને માછલી··· છે.

૨. કેરલની ···નૌકાદોડ··· બહુ પ્રસિદ્ધ છે.

૩. દક્ષિણ ભારતના પ્રદેશમાં ચોતરફ ···હરિયાળી··· છે.

૪. ···શિક્ષણ··· ના ક્ષેત્રમાં કેરલ પ્રદેશ સહુથી આગળ છે.

**૨. યોગ્ય જોડી બનાવો.**

| | |
|---|---|
| દુર્ગાપૂજા | કેરલ |
| બૈસાખી | પશ્ચિમ બંગાલ |
| ઓનમ | તમિલનાડુ |
| પોંગલ | પંજાબ |

(દુર્ગાપૂજા → પશ્ચિમ બંગાલ; બૈસાખી → પંજાબ; ઓનમ → કેરલ; પોંગલ → તમિલનાડુ)

**૩. યોગ્ય ઉત્તર પસંદ કરીને ✓ ખરાંની નિશાની લગાવો.**

**૧. કેરલ પ્રદેશ ભારતના કયા ભાગમાં આવેલ છે ?**

☐ પૂર્વ ☐ પશ્ચિમ ☐ ઉત્તર ☑ દક્ષિણ

**૨. અહીંનું મુખ્ય નૃત્ય કયું છે ?**

☐ ભરતનાટ્યમ ☑ કથકલી ☐ કથ્થક ☐ બિહૂ

**૩. નવું વર્ષ શરૂ થાય ત્યારે અહીં કયો તહેવાર ઉજવવામાં આવે છે ?**

☐ ઓનમ ☐ પોંગલ ☑ વિશુ ☐ સરસ્વતી પૂજા

**મૂલ્યવર્ધક પ્રશ્ન.**

જ. ભારતીય સંસ્કૃતિ પ્રાચીન અને ધાર્મિક છે. અનેકતામાં એકતા તેની મુખ્ય વિશેષતા છે. અહીં અલગ અલગ ધર્મોને માનવાવાળા લોકો હળી-મળીને રહે છે. ભારતના ધર્મ, જાતિઓ, ભાષાઓ, વેશભૂષાઓ, રીત-રિવાજો, માન્યતાઓ ભારતીય સંસ્કૃતિને સુંદર બનાવે છે.

## ભાષાજ્ઞાન

**૧. વચન બદલો.**

ખાડી = ···ખાડીઓ···
સંસ્કૃતિ = ···સંસ્કૃતિઓ···
સ્ત્રી = ···સ્ત્રીઓ···
···ચટ્ટાઈ··· = ચટ્ટાઈઓ

···મહિલા··· = મહિલાઓ
નહેર = ···નહેરો···
···સરોવર··· = સરોવરો
નદી = ···નદીઓ···

**૨. નીચે દર્શાવાયેલ અનેકાર્થી શબ્દના વાક્યમાં પ્રયોગ કરો.**

**૧. સ્વર**
અ. તેનો સ્વર તીણો છે.
બ. વર્ણમાળા માં સ્વર અને વ્યંજન હોય છે

**૨. વ્યંજન**
અ. તહેવારમાં આપણે વ્યંજન બનાવીએ છીએ.
બ. વર્ણમાળા માં વ્યંજન અને સ્વર હોય છે.

**૩. ઉત્તર**
અ. આ પ્રશ્નનો ઉત્તર આપો.
બ. ભારતની ઉત્તરે હિમાલય પર્વત આવેલો છે.

**૪. જગત**
અ. આ જગતમાં પુણ્ય કરનાર ઓછા હોય છે.
બ. જગત પાર કબૂતરો બેસે છે.

**૫. તીર**
અ. રામ ભગવાન બાણવિદ્યામાં પારંગત હતા.
બ. નદીને તીર મંદિર આવેલું છે.

**૬. પાત્ર**
અ. પાત્રમાં દૂધ રાખેલું છે.
બ. આ પાત્ર નાટકનું મુખ્ય પાત્ર છે.

**૩. દરેક પંક્તિમાં જે શબ્દ બંધબેસતો ન હોય તેના પર ◯ લગાવો.**

| | | | |
|---|---|---|---|
| કેરલ | અરૂણાચલ | તમિલનાડુ | નારિયેળ |
| મલયાલમ | માતૃભાષા | ગુજરાતી | બંગલા |
| ઓનમ | પોંગલ | બિહૂ | સંસ્કૃતિ |
| કથકલી | કથ્થક | બૈસાખી | ભરતનાટ્યમ્ |
| સિતાર | પાયલ | વીણા | સરોદ |
| લવિંગ | એલચી | જાયફળ | ખાંડ |

**૪. સમજો અને શબ્દ બનાવો.**

પૂર્વ + ઈ = ···પૂર્વી···
પશ્ચિમ + ઈ = ···પશ્ચિમી···
રોગ + ઈ = ···રોગી···
બહાર + ઈ = ···બહારી···
મેદાન + ઈ = ···મેદાની···

પરિશ્રમ + ઈ = ···પરિશ્રમી···
પહાડ + ઈ = ···પહાડી···
વિદેશ + ઈ = ···વિદેશી···
સમુદ્ર + ઈ = ···સમુદ્રી···
દક્ષિણ + ઈ = ···દક્ષિણી···

**૫. નીચેના દર્શૉવાયેલ શબ્દોનો વાક્યમાં પ્રયોગ કરો.**

અ) હરિયાળી – ···કેરલ પ્રદેશમાં ચોતરફ હરિયાળી જ હરિયાળી છે.···
બ) અભિવાદન – ···આપણે સવારે ઊઠીને વડીલોનું અભિવાદન કરવું જોઈએ.···

ક) પૌષ્ટિક – ...પૌષ્ટિક ભોજન સ્વાસ્થ્ય માટે લાભદાયક હોય છે....

ડ) ખેતી – ...કેરલવાસીઓનો મુખ્ય વ્યવસાય ખેતી છે....

ઇ) નિમંત્રણ – ...ઓમનાએ કેરલ પ્રદેશની યાત્રાનું નિમંત્રણ આપ્યું....

## વિષય સંવર્ધન પ્રવૃત્તિ (Creative Activities)

# અભ્યાસ

પાઠ - 15 - ત્રણ શરતો

## સ્વાધ્યાય

### મૌખિક

પ્ર.૧ ગોપાલ ભાંડ કોણ હતો ?

જ.૧ ગોપાલભાંડ રાજા કૃષ્ણચંદ્રના દરબારનો એક સભાસદ હતો. તે રાજાએ પ્રિય મિત્ર હતો અને ઘણો હાજરજવાબી હતો.

**પ્ર.૨ ચંદ્રભાનુ એ ગોપાલને ઘેર શા માટે બોલાવ્યો ?**

જ.૨ ચંદ્રભાનુએ ગોપાલને શતરંજ રમવા માટે પોતાને ઘેર બોલાવ્યો.

**પ્ર.૩ શરતમાં બન્ને તરફથી કોણ કેટલા રૂપિયા હારી ગયું ?**

જ.૩ બંને શરતો ચંદ્રભાનુ હારી ગયો. તે રાજા પાસે ૧૦૦ રૂપિયા અને પાંચસો રૂપિયા ગોપાલથી હારી ગયો.

**લિખિત**

૧. **પ્ર.૧ ચંદ્રભાનુ એ ગોપાલને શું કરવાનું કહ્યું ?**

જ.૧ ચંદ્રભાનુએ ગોપાલને મહારાજાનો કુરતો ઊતરાવાવનું કહ્યું.

**પ્ર.૨ સભામાં ચંદ્રભાનુએ કઈ શરત લગાવી ?**

જ.૨ ચંદ્રભાનુએ શરત લગાવી કે જો ગોપાલ ૨૪ કલાકમાં મહારાજાનો કુરતો ઊતરાવી દેશે તો તે ગોપ ાલને પાંચસો રૂપિયા આપશે. અસફળ રહેશે તો ગોપાલે તેને પાંચસો રૂપિયા આપવા પડશે.

**પ્ર.૩ રાજાએ પોતાની જાતને શા માટે ભાગ્યશાળી કહી ?**

જ.૩ રાજા પોતે ગોપાલભાંડ અને ચંદ્રભાનુ બંને પાસેથી શરત જીતી ગયા હોવાથી પોતાની જાતને ભાગ્યશાળી કહી.

**પ્ર.૪ ગોપાલ શરત કઈ રીતે જીત્યો ?**

જ.૪ ગોપાલે મહારાજ સાથેની શરત જીતવા માટે ખોટું કહ્યું કે તેની અંદર એક દિવ્ય શક્તિ એ પ્રવેશ કર્યો છે અને તેના દ્વારા પોતે જોઈ શકે છે કે મહારાજના ડાભા ખભ્ભા પર નાનો કાળો તલ છે. મહારાજે પણ સો રૂપિયા જીતવાના ચક્કરમાં પોતાનો કુરતો ઊતારીને બતાવી દીધું. આ પ્રકારે ગોપ ાલ અને મહારાજ બંને બંને શરતો જીતી ગયા.

૨. **યોગ્ય ઉત્તર પસંદ કરીને ખરાં ✓ ની નિશાની કરો.**

૧. **ચંદ્રભાનુ કોણ હતો ?**

☐ રાજા ☑ મંત્રી ☐ સેવક ☐ સૂત્રધાર

૨. **ચંદ્રભાનુ એ ગોપાલ સાથે શરત શા માટે લગાવી ?**

☐ રાજાને નીચા દેખાડવા માટે ☐ ફક્ત આનંદ અને મનોરંજન માટે

☑ ગોપાલને નીચો દેખાડવા માટે ☐ રૂપિયા પ્રાપ્ત કરવા માટે

૩. **આ નાટક માટે પોતાની પસંદગીનું નામ શોધો અને લખો કે આપને આ નામ શા માટે પસંદ પડ્યું ?**

☐ ગોપાલની ચાલાકી ☑ બુદ્ધિનો પ્રયોગ

☐ શરતોની વાત ☐ ચંદ્રભાનુની લુચ્ચાઈ

**મૂલ્યવર્ધક પ્રશ્ન.**

૪. બુદ્ધિમત્તા અને હાજરજવાબીપણાથી આપણે આપણી મુશ્કેલીઓ દૂર કરી શકીએ છીએ. બુદ્ધિના પ્રયોગથી બળવાનને પણ હરાવી શકાય છે. હાજરજવાબીપણાથી જ્યાં એક તરફ હાસ્યનું વાતાવરણ ઊભું થાય છે ત્યાં બીજી તરફ આત્મવિશ્વાસ પણ વધે છે.

## ભાષાજ્ઞાન

**૧. શબ્દની શરૂઆતમાં 'અ' ઉપસર્ગ લગાવીને વિરુદ્ધાર્થી શબ્દ બનાવો.**

પ્રિય × ···અપ્રિય···

સંભવ × ···અસંભવ···

વિશ્વાસ × ···અવિશ્વાસ···

સ્વીકાર × ···અસ્વીકાર···

પ્રસન્ન × ···અપ્રસન્ન···

સ્પષ્ટ × ···અસ્પષ્ટ···

શિષ્ટ × ···અશિષ્ટ···

ન્યાય × ···અન્યાય···

**૨. નીચે દર્શાવાયેલ શબ્દોથી શબ્દ-પરિવાર બનાવો.**

શિષ્ટ = ···શિષ્ટાચાર··· ···શિષ્ટતા··· ···અશિષ્ટ···

સભા = ···સભાસદ··· ···સભાપતિ··· ···સભાગાર···

શાંત = ···અશાંત··· ···શાંતિ··· ···શાંતિપૂર્વક···

બુદ્ધિ = ···બુદ્ધિમાન··· ···બુદ્ધિમતા··· ···બૌદ્ધિક···

રાજા = ···મહારાજ··· ···રાજમહેલ··· ···રાજકુમારી···

**૩. નીચે દર્શાવાયેલ શબ્દોનો વર્ણ વિચ્છેદ કરો.**

વિશ્વાસ = ··વ··+··ઈ··+··શ··+··વ્··+··આ··+··સ્··+··અ··

સાહસ = ··સ··+··આ··+··હ્··+··અ··+··સ્··+··અ··

શિષ્ટતા = ··શ્··+··ઈ··+··ષ્··+··ટ્··+··અ··+··ત્··+··આ··

ભાગ્યશાળી = ··ભ્··+··આ··+··ગ્··+··ય્··+··અ··+··શ્··+··આ··+··ળ્··+··ઈ··

૪. **વિશેષણ અને વિશેષ્ય (સંજ્ઞા) ના જોડકાં બનાવો.**

| | |
|---|---|
| પ્રિય | વિચાર |
| દિવ્ય | રૂપિયા |
| સારા | તલ |
| સો | મિત્ર |
| નાનો | શક્તિ |

| **વિશેષણ** | **વિશેષ્ય** |
|---|---|
| ...પ્રિય... | ...મિત્ર... |
| ...દિવ્ય... | ...શક્તિ... |
| ...સારા... | ...વિચાર... |
| ...સો... | ...રૂપિયા... |
| ...નાનો... | ...તલ... |

૫. **નીચે દર્શાવાયેલ શબ્દોનો વાક્યમાં પ્રયોગ કરો.**

અ) બુદ્ધિ - ...ગોપાલે પોતાની બુદ્ધિથી શરત જીતી લીધી....

બ) અભિનય - ...ગોપાલે રાજા સામે દુઃખી હોવાનો અભિનય કર્યો....

ક) મિત્ર - ...ગોપાલ રાજા કૃષ્ણચંદ્રનો પ્રિય મિત્ર હતો....

ડ) વિશ્વાસ - ...ચંદ્રભાનુને વિશ્વાસ હતો કે તે શરત જીતી જશે....

ઇ) યોજના - ...રાગિણી, સીમા અને વિભૂએ ચોરને પકડવાની યોજના બનાવી....